# દેવી અન્નપૂર્ણાનું વ્રત

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

ભારત દેશમાં વસતાં દેવીદેવતાઓની અજબ મહત્તા છે. ભકતોની આશા, વિશ્વાસ, ભક્તિ, નિયમન, શ્રદ્ધા, નિષ્ઠા અને પ્રામાણિકતા જોઈને દેવીદેવતોએ ભકતો પર કૃપા વરસાવી છે. દેવી ભકત નર્મદામૈયા મહારાષ્ટ્રમાંથી સુરત ગુજરાતમાં પરણીને આવ્યાં ત્યારે સાથે વણીની સપ્તશૃંગી માતાની નાનકડી મૂર્તિ સાથે લાવ્યા હતા. પતિના ઘરના વડીલોને પૂછીને મા સપ્તશૃંગી માતાની ઘરમાં સ્થાપના કરીને રોજ પૂજન-અર્ચન કરતાં હતાં. અશ્વિન અને ચૈત્ર નવરાત્રીના દિવસોમાં નવચંડી યજ્ઞ, સપ્તશતી પાઠ કરવા માટે નાસિક પાસેના વણીના ગડપરના સપ્તશૃંગી માતાના દર્શને જતાં હતાં. એમની નિ:સ્વાર્થ ભક્તિ જોઈને મા સપ્તશૃંગીએ આદેશ કર્યો કે તું મુંબઈ પાસેના દહાણુ ગામના મહાલક્ષ્મીમાતાના મંદિરે દર્શને જઈને ત્યાં ચંડીપાઠ અને યજ્ઞ વિધિ કરવા લાગ.

મા ભગવતી રાજરાજેશ્વરી સપ્તશૃંગી માતાના આદેશ પ્રમાણે નર્મદા મૈયા દહાણુમાં નવચંડી યજ્ઞ, શતચંડી યજ્ઞ અને સપ્તશતી પાઠનું આયોજન કરવા લાગ્યાં. નર્મદા મૈયાની ભક્તિ જોઈને દર્શનાર્થી દેવી ભક્તિમાં આકર્ષાયા. એક વર્ષે 21 દંપતી દ્વારા નવચંડી યજ્ઞ સફળ થયો. માતાજીનો જયજયકાર થયો અને ન ભૂતો ન ભવિષ્યતિ એટલી ભીડ મંદિરમાં થઈ. અંતે યજ્ઞ મંડપમાં ફૂલોના ઢગલામાં નર્મદા મૈયાને એક સોનાની દેવી અન્નપૂર્ણા માતાની મૂર્તિ જડી. નર્મદામૈયાએ ઉપસ્થિત ભકતોને પૂછ્યું આ મૂર્તિ જેની હોય એ લઈ જાય. સમયાંતરે મુંબઈનાં એક ડોશીમા આવ્યાં અને નર્મદામૈયાને કહ્યું, !!હે બેન, આ મૂર્તિ મારી છે અને નર્મદામૈયાએ મૂર્તિને નમસ્કાર કરીને ડોશીમાને સુપરત કરી અને ડોશીમા પોતાને ઘરે ગયાં. નર્મદા મૈયા સુરત આવ્યાં.



મુંબઈમાં ડોશીમાના ઘરમાં અપશુકનોની ઘટના શરૂ થઈ. એમની વહુ માયકે ગઈ. દીકરો બીમાર પડયો અને ડોશીમાને સ્વપ્ન દૃષ્ટાંતમાં અન્નપૂર્ણામાએ કહ્યું ‘‘હે સ્વાર્થી નારી! તું ખોટું બોલીને મને અહીં લાવી છે પણ હું અહીં રહેવા માગતી નથી મને ત્વરિત નર્મદાના ઘરે પહોંચાડી દે. એમાં જ તારું ભલું છે.’’ સવારે નર્મદા મૈયાના બારણે લાલ કંકુના સુંદર પગલાં દેખાયાં. ડોશી સોનાની મૂર્તિ લઈને આવ્યાં. નર્મદામૈયાને નમન કરીને બોલ્યાં ‘મા મને માફ કરો. હું અસત્ય બોલીને સોનાની અન્નપૂર્ણામાની આ મૂર્તિ ઘરે લઇ ગઇ હતી પણ માનો આદેશ થયો કે મૂર્તિ તમને જ આપી દેવી. આ પ્રત્યક્ષ શ્રી અંબાજી અન્નપૂર્ણા છે એનું ભવ્ય મંદિર ઊભું કરો. નર્મદા મૈયાએ કહ્યું ‘‘હું ગરીબડી માતાજીનું મંદિર કેમ બનાવી શકું?’’ ડોશી બોલ્યાં ‘‘નર્મદાબેન! તમારી ભક્તિ, શ્રદ્ધા અતૂટ છે. મંદિર થશે જ. તમે અન્નપૂર્ણાનું વ્રત શરૂ કરો, ભંડારો કરો, માની કૃપાથી સપ્તશૃંગીના મંદિરમાં જ મા અન્નપૂર્ણાદેવીની સ્થાપના થશે. દેવીમા તમારા પર પ્રસન્ન છે અને ડોશીમા નીકળી ગયાં.

નર્મદા મૈયાએ માગસર સુદ ચંપાછઠના દિવસથી અન્નપૂર્ણા વ્રત કરવાનું ચાલુ કર્યું. વ્રતનો પરચો જોઈને ઘણા ભકતો અન્નપૂર્ણા વ્રત કરવા લાગ્યા. જે ચોખાના ડબ્બામાં અન્નપૂર્ણાની મૂર્તિ મૂકી હતી ત્યાં ખાંડ થઇ ગઇ. સર્વે ભકતોને મધુર સમાચાર મળ્યા અને નર્મદા મૈયાએ દેવી સપ્તશૃંગીમાનું મંદિર બનાવવાની ઈચ્છા પ્રદર્શિત કરી. બધા દેવી ભકતોનો સાથસહકાર મળ્યો. વિદ્વાન બ્રાહ્મણ પંડિતોએ શુભ મુહૂર્ત બતાવ્યું અને જોતજોતામાં 1997માં બે માળનું આરસપહાણનું ભવ્ય સપ્તશૃંગી માતાનું દિવ્ય મંદિર સલાબતપુરા, રેશમવાડામાં શૃંગારિત રીતે ઊભું થયું. કળશ ચમકવા લાગ્યો અને માતાજીનો ધ્વજ ફરકવા લાગ્યો. સવાર સાંજ આરતી સાથે ઢોલનગારું વાગવા લાગ્યું અને બરોબર સપ્તશૃંગી દેવીની ભવ્ય દિવ્ય અઢાર ભૂજાવાળી મૂર્તિની સામે આરસપહાશની શુભ્ર કાંતિની અન્નપૂર્ણમાતાની મૂર્તિ સ્થાપન થઈ. મા અન્નપૂર્ણાજીને સુરતમાં નર્મદા મૈયાને ત્યાં આવવાનું હતું આ નારીશક્તિની અને પરમભક્તિની કથા છે.

નારી તુ નારાયણી, તું શિવની સતી દેવી , બ્રહ્માની સરસ્વતી છો. તારું બળ, સ્થળ મજબૂત છે. ભકતોના વિશ્વાસને, નિષ્ઠાને તું સફળ બનાવે છે. તારો મહિમા અપરંપાર છે. આ વર્ષે મા અન્નપૂર્ણા દેવીના વ્રતને 56 વર્ષ પૂર્ણ થયાં છે અને 57મો વ્રતોત્સવ માગશર સુદ ચંપા છઠ તા. 26-11-2025 બુધવારે વ્રતની શરૂઆત થવાની છે અને સોમવાર તા. 15-12-2025 માગશર વદ સફલા અગિયારસના દિવસે પૂર્ણાહુતિ છે.


> **સવાર સાંજ આરતી સાથે ઢોલનગારું વાગવા લાગ્યું અને બરોબર સપ્તશૃંગી દેવીની ભવ્ય દિવ્ય અઢાર ભૂજાવાળી મૂર્તિની સામે આરસપહાણની શુભ્ર કાંતિની અન્નપૂર્ણમાતાની મૂર્તિ સ્થાપન થઇ**

આ વ્રત આ કળીકાળમાં બહુ જ લાભદાયી ધાર્મિક વ્રત છે. ચંપા છઠથી એકટાણું રાખીને અપાસ રાખવો. દાનધર્મ કરવા, લોટ, ચોખા, કઠોળ, અનાજનું દાન આપવું. અન્નદાન કરવું. ગરીબોને વસ્ત્રદાન આપવું. સત્ય, સંયમ અને સંતોષ જાળવવો. વડીલોને માન આપવું, પતિની સેવા કરવી તથા આજ્ઞા પાળવી. બાળકોને સારા સંસ્કાર આપવા અને મહેનત અને કષ્ટ કરીને સંસારચક્ર ચલાવવું. મા અન્નપૂર્ણાના દર્શન અવશ્ય કરવા. દેવદેવીઓ આપણું સામર્થ્ય છે. આસ્તિકતા આપણા લોહીમાં છે. સનાતન ધર્મ આપણો આત્મા છે. સુખ મળશે. વૈભવ વધશે, પૂજનઅર્ચનથી આયુ-જ્ઞાન અને પ્રેમમાં વૃદ્ધિ થશે.

---

# દોસ્તીની મિસાલ કૃષ્ણ અને સુદામા

પંચામૃત
નીલાક્ષી પરીખ



મિત્રો હજુ હાલમાં જ બેટ દ્વારિકામાં પૂ. ગુરુદેવની ભાગવત સપ્તાહ પૂર્ણ થઈ. પૂ. ગુરદેવે શ્રીકૃષ્ણ અને સુદામાની મિત્રતાની વાત કરી. મનમાં એ જ વાતો ગુંજતી હતી. મિત્ર હોય તો કૃષ્ણ જેવો. ભગવાન જ સખા હોય તો પછી પૂછવું જ શું? દોસ્તી એવી હોય જેમાં શબ્દો ઓછા અને સમજદારી વધુ હોય. ‘એક થા કૃષ્ણ ને એક થા સુદામા દોનો સાંદીપનિમેં પઢતે થે. હૈ યે કહાની બિલકુલ સચ્ચી હમારે ગુરુજી કહતે હૈ’. એવા ભાવ સાથે આ કથા સાંભળીએ કે ‘તુમ ભી કિસીસે દોસ્તી કરો તો દોસ્તી કૃષ્ણ-સુદામા સી કરના’.

એક તો બેટ દ્વારિકા એટલે દ્વારિકાધીશનું અંત:પુર. ભગવાનનું ઘર એટલે સ્વાભાવિક રીતે જ આવી પવિત્ર દોસ્તીનું સ્મરણ થાય. પ્રેમના અલગ-અલગ રંગ છે. તેમાં મૈત્રીનો રંગ કૃષ્ણ-સુદામાના રૂપમાં વિશ્વમાં નિખરી રહ્યો છે. આપણે પણ એમાંથી પ્રેરણા મેળવીએ. ભગવાન શ્રીકૃષ્ણનો સુદામા નામનો સખા હતો ને ભગવાને એના પર બહુ અનુગ્રહ કર્યો હતો. બીજા અધ્યાયમાં શુકદેવજીએ રાજા પરીક્ષિતને સુદામાનું આખ્યાન સંભળાવ્યું. જુઓ સુદામા એવો દાવો નથી કરતાં કે કૃષ્ણ મારો મિત્ર છે. સુદામા તો પોતાની જાતને દાસ માને છે પણ શ્રીકૃષ્ણને પોતાનો મિત્ર માને છે.

મોટા માણસ સાથે મિત્રતાનો દાવો તો ઘણા કરે. ‘‘તે ચીફ મિનિસ્ટર ને આપણે તો લંગોટિયા યાર! અમે હારે મોટા થયા. અમારા બળોતિયાં હારે સુકાતા’’ ત્યાંથી શરૂઆત કરે પણ મળવા જાય ત્યારે પેલા ઓળખેય નહીં. મોટા માણસ સાથે નજીક હોવાનો દાવો તો ઘણાંય કરે એમાં ગૌરવ નથી પણ પેલો મોટો માણસ મુલાકાતે આવ્યો હોય, સિક્યુરીટી ટાઈટ હોય અને પોતે સામે ચાલીને જોઈ જાય અને પોતે દોડીને આવે કે અરે! તમે અહીંયા ક્યાંથી? વાહ વાહ! મિત્ર કેટલા વખતે મળ્યા. કેમ છો? અને પોતે ગળામાં હાથ નાખી બીજા બધાને ઓળખાણ આપે કે ‘આ મારો લંગોટિયો યાર’ ત્યાં સંબંધનું ગૌરવ છે.

અહીંયા સ્વયં શ્રીકૃષ્ણે સુદામાને અપનાવ્યા. પોતાના આસન પર બેસાડ્યા. સુદામાના ચરણ ધોયા ને સુદામાની પૂજા કરી! સુદામા કંઈ પોતાના ગામમાં ‘લંગોટિયો યાર’ કહીને મોટાઈ ન મારતા. તેઓ આ બ્રાહ્મણને જાણનારા બ્રાહ્મણ છે. ઈન્દ્રિયોના વિષયમાં એને વિરક્તિ હતી. એ પવિત્ર અને પ્રશાંત છે. ભગવાન શાંત છે પણ ભગવાનના ભક્ત પ્રશાંત. શાંતને ક્યારેક ગુસ્સો આવે પણ પ્રશાંતને ક્યારેય ગુસ્સો ન આવે. જિતેન્દ્રિય છે. જે મળે એમાં સંતોષ રાખનારો સંતોષી બ્રાહ્મણ. વળી પોતા એકલો નથી ગૃહસ્થી છે. પત્ની છે. બાળકો છે. એમાં અયાચક વ્રતનું ટકવું બહુ કઠણ. કોઈની સામે ક્યારેય હાથ લાંબો કર્યો નથી. આ વ્રત ટકવાનું કારણ છે એની પત્ની. ભાગવતમાં તો સુદામા એને ‘કલ્યાણી’ કહે છે. ઘણાં સંતો એનું નામ બતાવે છે ‘સુશીલા’; સુંદર શીખવાળી એવી સમજદાર ને એવી સહનશીલ, મહેનતુ કે એને લઈને સુદામાદેવનું અયાચક વ્રત ટક્યું છે. બહુ ગરીબી, ઝૂંપડીમાં રહે. શિળાળામાં ઠંડીથી રક્ષણ ન થાય. ચોમાસામાં પાણીથી રક્ષણ ન થાય. સુદામાના શરીર પર એક જ પોતડી છે અને એ પણ જૂની ફાટેલી. સુશીલાના અંગ પર એક સાડી છે. એટલાં તો થીંગડાં લાગ્યાં છે કે ઓરીજનલ સાડી કયા રંગની છે તે જ ખબર પડતી નથી. બાળકો નગ્ન, પહેરાવાં લૂગડાં નથી.

> **જો કોઇ કંઇ આવીને આપી જાય તો ઘરમાં રસોઇ થાય. ઠાકોરજીને ભોગ લાગે ને પ્રસાદ છોકરાઓને ખવડાવે, વધે તો સુદામાને ખવડાવે ને પછી વધે તો પોતે બે કોળિયા ખાય**

જો કોઈ કંઈ આવીને આપી જાય તો ઘરમાં રસોઈ થાય. ઠાકોરજીને ભોગ લાગે ને પ્રસાદ છોકરાઓને ખવડાવે, વધે તો સુદામાને ખવડાવે ને પછી વધે તો પોતે બે કોળિયા ખાય. આવી સહનશીલ નારી. પહેરવા કપડાં ન હોય ત્યાં શિયાળામાં ઓઢવાનું તો ક્યાંથી હોય? પણ સુદામા દેવ જે રોજ હોમહવન કરે તેની ભસ્મ હોય તે સુશીલાજી રાખી મૂકે. રાતના છોકરા સૂઈ જાય ત્યારે સૂંડલાના સૂંડલા ભસ્મ છોકરાના માથે નાંખી મોઢું બહાર રાખી આખું શરીર રાખમાં દાટી દે એમ ઠંડીથી છોકરાઓની રક્ષાનો પ્રયાસ કરે.

ક્યારેક ઘરમાં કંઈ ન હોય, છોકરાં ભૂખ્યાં હોય, હાંડલું ચઢાવે ચૂલે, પાણી નાખે, ચૂલો પેટાવે ને ડોમો ફેરવે. છોકરા ભૂખ લાગી ની બૂમ પાડે ત્યારે કહે કે ‘‘બેટા, થઈ જાય એટલે આપું.’’ ભૂખ લાગી છે-રટતાં છોકરાં રડતાં- રડતાં સૂઈ જાય ત્યારે સુશીલા આંખનાં આંસુ લૂંછે ચૂલાનો અગ્નિ બુઝાવે. હાંડલાને નીચે ઉતારે. આંધણ તો મૂક્યું પણ એમાં નાંખવા લોટ નથી. એક વાર ઘણા બધા સમય સુધી ઘરમાં કંઈ ન આવ્યું. છોકરાં ભૂખ્યાં છે. સુશીલાજીને ચિંતા થઈ કે 1-2 ભૂખમાં મરી જશે.

સુદામાદેવ ગાયત્રી જપતા હતા ત્યાં આવી સુશીલાજી હાથ જોડીને ઊભા રહ્યાં. માળા ફરે છે. વિક્ષેપ નથી કરવો. એક માળા પૂરી થઈ આંખે લગાડી. સુદામાદેવ બોલ્યા, બોલ શું કામ હતું? સુશીલાજી બોલ્યા નાથ ઘણા દિવસથી કંઈ ખાવા મળ્યું નથી. છોકરા ભૂખથી ટળવળે છે. એકાદ મરી જશે. સુદામા કહે -જેવી એ દ્વારકાનાથની ઈચ્છા. એ બધું જાણે છે. સુશીલા કહે એ દ્વારકાનાથ આપને મિત્ર માને છે. આપ જાવને ત્યાં દર્શન કરવા. દ્વારકાનો ધણી છે. દ્વારકા આપણા ગામથી કેટલી દૂર થાય. જાવને જાત્રાએ. સુદામા કહે દ્વારકાધીશ મારો મિત્ર વાત સાચી. એનો ખૂબ સ્નેહ છે મારા પર. શું તું એમ ઈચ્છે છે કે હું તેની પાસે માંગું? અરે, મારું અયાચક વ્રત તો તારી સમજદારી અને સહનશીલતાથી ટક્યું છે. મારી પત્ની થઈ હિંમત હારી ગઈ? હવે શું થયું એ આગળની રસપ્રદ વાત હવે પછી.

(પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે)